**_Kamlesh S. Madhiwala_**
_(ADVOCATE)_
_151- Vagra Assembly_
_Independent Candidate._
_Vejalpur, Bambakhana, Bharuch._
_Email : kamlesh1madhiwala@gmail.com_

કમલેશ એસ. મઢીવાલા
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
_MO. 99243-52696, 79901-85287_

**Date :- 16/03/2024**

પ્રતિ,
(1) માન. આચાર્ય દેવવ્રતજી,
રાજ્યપાલશ્રી ગુજરાત રાજ્ય,
(2) માન. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,
મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય,
(3) માન. શ્રી બલવંતસિંહ ચંદનસિંહ રાજપુત,
ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને
ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી,
(4) માન. શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી,
ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ,
જેલ, સરહદી સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો),
ગૃહ અને પોલીસ હાઉસીંગ, ઉદ્યોગ,
સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજ્યકક્ષા) મંત્રીશ્રી,

<u>વિષય</u> : <u>"80% સ્થાનિક રોજગાર કાયદો" (80% Local Employment Act)ની રચના કરવાની માંગ.</u>

સવિનય સહ જણાવવાનું કે,

ગુજરાત રાજ્ય ઔદ્યોગિક રીતે ઘણો વિકાસ કરી રહેલો છે. રાજ્યમાં 182 Gidc (Gujarat Industrial Development Corporation) આવેલી છે અને 7 જેટલા SEZ (Special Economic Zone) આવેલા છે. વળી ગુજરાત સરકાર દ્વારા 13 જિલ્લાઓમાં બીજી 21 Gidc નવી સ્થાપના કરવાની જાહેરાત



Scanned with CamScanner

કરવામાં આવી છે. ઘણા પ્રોજેક્ટો ગુજરાતમાં આવી રહેલા છે. ગુજરાત રાજ્ય ઔદ્યોગિક રીતે ઘણો વિકસી રહેલું રાજ્ય છે. ઔદ્યોગિક મૂડી રોકાણમાં ગુજરાત રાજ્ય દેશમાં અવ્વલ છે.
ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રે દેશભરમાં ગુજરાત રાજ્ય 21% હિસ્સા સાથે પ્રથમ સ્થાને છે.

દેશની કુલ નિકાસમાં 33% ના હિસ્સા સાથે ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ સ્થાને છે.

અમારા ભરૂચ જિલ્લામાં ભરૂચ, અંકલેશ્વર, પાનોલી, ઝઘડિયા, દહેજ, વિલાયત, શાયખા GIDC, SEZ અને PCPIR વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાંથી સરકારને અઢળક કમાણી થઈ રહી છે. ભારત ભરમાં એક્સપોર્ટમાં ભરૂચ જિલ્લો પ્રથમ આવ્યો છે.

<u>પણ અમારા વિસ્તારના સ્થાનિક લોકોની સ્થાનિક રોજગારીનું શું ?</u>
<u>આ હરહરતો અન્યાયી સવાલ હંમેશા ઉભો છે.</u>

રાજ્યનો આ વિકાસ ત્યાંરે જ શક્ય બન્યો છે, જ્યાંરે રાજ્યના સ્થાનિક લોકોએ આ ઉદ્યોગો સ્થાપવા માટે પોતાની મહામૂલી ફળદ્રુપ જમીનો આપી છે અને ઉદ્યોગો સ્થાપવા માટે સ્થાનિકોએ પોતાની જમીનો એટલે આપી છે કે, ઉદ્યોગો તરફથી સ્થાનિક લોકોને ધંધો રોજગાર આપવામાં આવે, સ્થાનિક લોકોને વિકાસના સહભાગીદાર બનાવવામાં આવે, સ્થાનિક લોકોનો વિકાસ થઈ શકે, સ્થાનિક વિસ્તારમાં સારું અને ઉચ્ચ શિક્ષણ, સારું તંદુરસ્ત સ્વાસ્થ્ય અને સ્થાનિક લોકો માટે સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવામાં આવે અને સ્થાનિક લોકોનો સક્ષમ વિકાસ થાય.

પરંતુ અમારા વિસ્તારમાં ઉદ્યોગો આવવાથી ઉદ્યોગપતિઓનો કંપનીઓનો તો પ્રચંડ વિકાસ થયેલો છે, તેની સાથે અમારા સ્થાનિક વિસ્તાર પર અને <u>સ્થાનિક લોકો પર ખૂબ જ મોટી વિપરીત પરિસ્થિતિઓ ઉભી થયેલી છે.</u>
<u>જેવી કે,</u>



Scanned with CamScanner

**Kamlesh S. Madhiwala**
(ADVOCATE)
151- Vagra Assembly
Independent Candidate.
Vejalpur, Bambakhana, Bharuch.
Email : kamlesh1madhiwala@gmail.com

**કમલેશ એસ. મઢીવાલા**
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
MO. 99243-52696, 79901-85287

1. ખેડૂતોની ખેતીની જમીન ફરજિયાત સંપાદનમાં છીનવાઈ જવાથી ખેતી અને તેની સાથે સંકળાયેલા તમામ ધંધા રોજગાર પડી ભાગીને છીનવાઈ ગયેલા છે.

2. લેન્ડ લુઝરોને નોકરી આપવાનું વચન આપવામાં આવેલું હતું, તે વચન સંપૂર્ણપણે પાળવામાં આવ્યું નથી.

3. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ ક્રમક:રગર/1095/644/2(2) સચિવાલય ગાંધીનગરના તારીખ: 31/03/1995 ના ગુજરાત સરકાર પોતાના 85% સ્થાનિક રોજગારના પરિપત્રનું કંપનીઓની સામે પાલન થઈ રહેલું નથી. તો શું ઉદ્યોગપતિઓ સરકારનું માનતા નથી અને પોતાની મનમાની કરી રહ્યા છે ?
તેવા સવાલો સ્થાનિક લોકોમાં ઉભા થઈ રહ્યા છે.

4. 2017 ની વિધાનસભાની ચૂંટણી વખતે 80% સ્થાનિક રોજગાર આપવા માટેનો પ્રચાર કરવામાં આવેલો હતો, પણ ભાજપ સરકાર બન્યા પછી પણ 80% સ્થાનિક નોકરીઓના વચનનું આજદિન સુધી કદીપણ પાલન થઈ રહેલું નથી. વળી ત્યાર પછી પણ સપ્ટેમ્બર 2018 માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 80% સ્થાનિક રોજગાર આપવાનો અને 80% સ્થાનિક રોજગાર માટેનો કાયદો બનાવવાનું જાહેરમાં નિવેદન આપ્યું હતું. પણ તે મુખ્યમંત્રીશ્રીના નિવેદન મુજબ પણ કોઈ કાર્યવાહી સુધ્ધાં થઈ હોય તેવું ક્યાંય પણ બન્યું હોય તેવું કોઈ સરકારી રેકર્ડ પર હોય એવું લાગતું નથી અને તે સ્થાનિક લોકો સાથે અન્યાય કર્યા બરાબર અને છેતરપિંડી કર્યા બરાબર છે.

5. સ્થાનિક લોકોને નોકરીથી વંચિત રાખવા માટે કંપની સંચાલકો પોતાના કંપનીના નિયમો આગળ મૂકી દે છે, કંપની માટે તેના નિયમોની કિંમત છે, પણ સરકારના 85% ના પરિપત્રની કંપની સંચાલકોને કોઈ કિંમત કે પરવા નથી.

6. સ્થાનિક વિસ્તારોમાં સ્થપાયેલી કંપનીઓ તરફથી સ્થાનિક લોકોને 80% રોજગારીના બદલે સ્થાનિક લોકોને માત્ર 25-30% નોકરીઓ આપવામાં આવે છે અને પરપ્રાંતીય લોકોને 70-75%



Scanned with CamScanner

**Kamlesh S. Madhiwala**
(ADVOCATE)
151- Vagra Assembly
Independent Candidate.
Vejalpur, Bambakhana, Bharuch.
Email : kamlesh1madhiwala@gmail.com

કમલેશ એસ. મઢીવાલા
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
MO. 99243-52696, 79901-85287

નોકરીઓ આપીને ગુજરાત સરકારના 80% સ્થાનિક રોજગારના પરિપત્રની કંપનીઓમાં ઉલટી ગંગા વહી રહી છે.

7. અમારા સ્થાનિક વિસ્તારની વસ્તી કરતા અમારા વિસ્તારમાં પરપ્રાંતીય લોકોની વસ્તીમાં અનેક ઘણો વધારો થઈ રહ્યો છે અને અમારા સ્થાનિક લોકોની સામાજિક વ્યવસ્થા પર પણ તેની ભયંકર વિપરીત આડ અસરો થઈ રહી છે અને અમારી સામાજિક વ્યવસ્થા તૂટી રહી છે અને તેના દુષપરિણામો અમારા સ્થાનિક સમાજના લોકો ભોગવી રહ્યા છે, તેનું મૂળ કારણ પણ અમારા સ્થાનિક લોકોને સ્થાનિક રોજગારથી વંચિત રાખી પરપ્રાંતીય લોકોને નોકરીએ રાખવામાં આવી રહ્યા છે અને અમારા સ્થાનિક વિસ્તારમાં પરપ્રાંતીય લોકોને અમારી ઉપર કાયમી સ્થાપિત કરી દેવામાં આવ્યા છે, તે જ છે.

8. સ્થાનિક રોજગારથી સ્થાનિક લોકોને વંચિત રાખવાનું દુષપરિણામ સ્થાનિક લોકો અને પરપ્રાંતિય લોકો વચ્ચે જૂથવાદ ઉભો થાય તેમ હોય અને અમારા સ્થાનિક વિસ્તારમાં પરપ્રાંતીય લોકોની વિસ્ફોટક વસ્તી વધારાને લીધે સ્થાનિક લોકોએ પોતાનો સ્થાનિક વિસ્તાર અને સ્થાનિક રાજનૈતિક પ્રભુત્વ ગુમાવવું પડે તેમ છે અને તેને લીધે સ્થાનિક રાજકીય અસ્થિરતા જેવી ભયાનક સ્થિતિ અમારા સ્થાનિક લોકો માટે ઉભી થાય તેમ છે.

9. વળી અમારા વિસ્તારની કંપનીઓમાં જે 25-30% ગુજરાતીઓની નોકરી, કોન્ટ્રાકટનું પ્રમાણ જોવામાં આવે તો તેમાં પણ દરેક ક્ષેત્રમાં સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતના લોકોની મોટા પ્રમાણમાં નોકરી, કોન્ટ્રાકટ ચાલી રહેલા છે અને તે રીતે પણ અમારા સ્થાનિક વિસ્તાર સાથે સાથે આખા દક્ષિણ ગુજરાત રાજ્ય સાથે ખૂબ મોટો અન્યાય કરવામાં આવી રહ્યો છે.

10. નર્મદા નદીનું પાણી હોય કે નહેરોનું પાણી હોય કે સરદાર સરોવર ડેમનું પાણી હોય, આ અમારા વિસ્તારનું અમારા હક્કના પાણીનો મોટાભાગનો હિસ્સો ઉદ્યોગપતિઓ વાપરી રહેલા છે, પણ અમારા સ્થાનિક વિસ્તારના લોકોને વાપરવાનું તો શું ખેતી માટેનું કે પીવા માટેનું પણ પૂરતું પાણી મળતું



Scanned with CamScanner

**Kamlesh S. Madhiwala**
(ADVOCATE)
151- Vagra Assembly
Independent Candidate.
Vejalpur, Bambakhana,Bharuch.
Email : kamlesh1madhiwala@gmail.com

**કમલેશ એસ. મઢીવાલા**
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
MO. 99243-52696, 79901-85287

નથી. અમારા વિસ્તારની નહેરો ખાલીખમ છે. આ ઉદ્યોગોને કારણે જ અમારો પાણીનો મોટા ભાગનો હિસ્સો છીનવાઈ જઈ રહ્યો છે, પણ તેમ છતાં સ્થાનિક લોકોનો નોકરી પર અધિકાર નથી મળતો.

11. અમારા વિસ્તારોના ઉદ્યોગો દ્વારા જે ગેરકાયદેસર પ્રદુષણ ઓકવામાં આવી રહેલું છે, તેના ઉપર સરકારનું, GPCB, CPCB નું કોઈ નિયંત્રણ નથી અને તેના લીધે ઉદ્યોગો દ્વારા ગેરકાયદેસર રીતે છોડવામાં આવી રહેલું સતત પ્રદુષણનો સ્થાનિક લોકોએ ભોગ બનવું પડી રહેલું છે, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.

12. ઔદ્યોગિક વાયુ પ્રદુષણને લીધે અમારા સ્થાનિક વિસ્તારોમાં ચામડીના અને દમ-શ્વાસની જીવલેણ બીમારીઓમાં ઘણો વધારો થયેલો છે, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.

13. ઔદ્યોગિક પ્રદુષણને લીધે અમારા સ્થાનિક વિસ્તારોમાં હાર્ટ એટેક, બ્રેઇન સ્ટ્રોક અને કેન્સર જેવા ગંભીર જીવલેણ રોગોમાં મોટા પ્રમાણમાં ઉછાળો આવેલો છે, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.

14. ઔદ્યોગિક વાયુ પ્રદુષણને લીધે અમારા સ્થાનિક વિસ્તારોની ખેતીના ઉભા પાકો પર તેની આડઅસરોને લીધે ખેતીના ઉભા પાકનું ખૂબ મોટા પ્રમાણમાં નુકશાન થઈ રહ્યું છે. જેમ જુલાઈ-2021 માં મેઘમણી ઓર્ગેનિક લિમિટેડના 2-4-D અને 2-4-DB ને લીધે વાગરા, ભરૂચ, આમોદ, જંબુસર અને કરજણ તાલુકાના 280 ગામોની 1,13,998 હેક્ટર જમીનનો કપાસ, તુવેર, શાકભાજી વિગેરે ઉભો પાકનું મોટા પ્રમાણમાં નુકસાન થયેલું હતું અને તે બનાવ બાબતે નામ. ગુજરાત રાજ્યની હાઇકોર્ટમાં પીટીશન પણ દાખલ થયેલી છે. સદર હકીકતે જ્યારથી કંપનીઓ સ્થપાયેલી છે ત્યારથી સ્થાનિક લોકોને આ પ્રમાણેનું ખૂબ જ મોટા પ્રમાણમાં નુકશાન વેઠવાનો વારો આવેલો છે, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.

15. ઔદ્યોગિક જળ પ્રદુષણને લીધે અમારા વિસ્તારના ગામ તળાવો, કુવા અને ભૂગર્ભ જળના સ્તરો પ્રદૂષિત થઈ રહેલા છે અને તેને લઈને ખેતી પર અને પીવાના પાણીની ખૂબ મોટી સમસ્યાઓ ઉભી થઈ રહેલી છે, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.



Scanned with CamScanner

**Kamlesh S. Madhiwala**
(ADVOCATE)
151- Vagra Assembly
Independent Candidate.
Vejalpur, Bambakhana, Bharuch.
Email : kamlesh1madhiwala@gmail.com

કમલેશ એસ. મઢીવાલા
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
MO. 99243-52696, 79901-85287

16. ખાનગી કંપનીઓ, સેઝ, સરકારી, અર્ધસરકારી કંપનીઓ અને ખુદ GIDC તેનું પ્રદૂષિત ઝેરી પાણી ટ્રીટમેન્ટ કર્યા વગર નદીના પીવાના શુદ્ધ પાણીમાં ખુલ્લેઆમ છોડી રહી છે અને નદીના કિંમતી પીવાના પાણીની ઝેરી બનાવી રહેલા છે અને કંપનીઓ માત્ર દંડ ભરીને છટકી જાય છે. જેના લીધે પણ સ્થાનિક લોકોનો ખેતી, પશુપાલન તથા મત્સ્યોદ્યોગ વ્યવસાય પડી ભાગેલો છે અને સ્થાનિક લોકોનો સ્વરોજગાર છીનવાઈ રહેલો છે, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.

17. ઔદ્યોગિક અકસ્માતોમાં સ્થાનિક લોકોએ ભોગવવું પડે છે, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.

18. ગુજરાત રાજ્યમાં ઘણીબધી નદી, તળાવો અને ભૂગર્ભ જળ ના સ્રોત પ્રદુષણ થી પીવા લાયક રહેલા નથી. ગુજરાતની 20 નદીઓ એટલી પ્રદૂષિત થઈ ચૂકી છે કે, તેના પાણી પીવા તો શું તેનો પાક ખાવાલાયક નથી, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.

19. ઘણાં લેન્ડ લુઝર જમીન માલિકોને સ્વમાનભેર નોકરીઓ આપવાને બદલે સાફસફાઈની નોકરીએ રાખીને અપમાનિત કરવામાં આવી રહ્યા છે.

20. લેન્ડ લુઝરોને સર્વે નંબર દીઠ નોકરી આપવાને બદલે ખાતા દીઠ નોકરી આપવાના તથા કોઈપણ બહાનાઓ ઊભા કરીને કંપનીઓ તરફથી સ્થાનિકોને નોકરીઓથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

21. કંપનીઓ દ્વારા સ્થાનિક વિસ્તારની સરકારી જમીન અને ગૌચરની જમીનોનું ખૂબ મોટા પ્રમાણમાં દબાણ કરેલું છે, તેના લીધે સ્થાનિક લોકોનો પશુપાલનનો વ્યવસાય છીનવાઈ ગયો છે અને ગૌચર પરનો સ્થાનિક ગામ પંચાયતોનો વહીવટ છીનવાઈ ગયેલો છે, પણ ભોગ બનનાર સ્થાનિક લોકો માટે રોજગારી નથી.

22. અમારા વિસ્તારની જંગલ ખાતાની જમીનોનું કંપનીઓએ દબાણ અને પ્રદુષણથી નિકંદન કાઢી નાખ્યું છે અને તેને કારણે અમારા વિસ્તારના આદિવાસી/વનવાસી લોકોની રોજગારી છીનવાઈ ગયેલી છે.



Scanned with CamScanner

**Kamlesh S. Madhiwala**
(ADVOCATE)
151- Vagra Assembly
Independent Candidate.
Vejalpur, Bambakhana,Bharuch.
Email : kamlesh1madhiwala@gmail.com

**કમલેશ એસ. મઢીવાલા**
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
MO. 99243-52696, 79901-85287

23. સ્થાનિક લોકોને કાયમી નોકરીએ રાખવાને બદલે કોન્ટ્રાક્ટ પર નોકરીએ રાખીને સ્થાનિક લોકોનુ મોટા પ્રમાણમાં શોષણ કરવામાં આવી રહ્યુ છે.

24. સ્થાનિક લોકોને પરપ્રાંતીય નોકરિયાત કરતાં ખૂબ ઓછું પગાર ધોરણ આપીને તથા સ્થાનિક કામદારોને કંપની સંચાલકો તરફથી હેરાનગતિ કરીને ત્રાસ આપીને શોષણ કરવામાં આવી રહ્યું છે.

25. ધોરણ- 10 નાપાસ હોય તેવા લેન્ડ લુઝરોને કાયમી નોકરીએ રાખવામાં કંપનીઓ તરફથી બહાનાઓ બતાવવામાં આવે છે.

26. સ્થાનિક લેન્ડ લુઝરોને ડોક્યુમેન્ટેશન અને પ્રક્રિયાના નામે તથા બિનજરૂરી લેખિત સંમતીઓ વિગેરે રજુ કરવાના બહાના આગળ લાવીને નોકરીથી વંચિત રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

27. સ્થાનિક રોજગાર અને લેન્ડ લુઝરના હિતમાં સરકાર તરફથી કોઈ નીતિ કે પોલિસી કે કાયદો બનાવવામાં આવેલો નહીં હોવાના લીધે કંપની સંચાલકો તરફથી સ્થાનિક લોકોનું ખૂબ જ મોટા પ્રમાણમાં શોષણ કરવામાં આવી રહ્યું છે.

28. લેન્ડ લુઝરો માટેની સ્પેશિયલ પોલિસી અને નીતિ સાથે 80% સ્થાનિક રોજગાર કાયડા ની રચના કરવાની ખૂબ જરૂર છે.

29. ગુજરાત સરકારના 80% સ્થાનિક રોજગારના પરિપત્રનું કંપનીઓ તરફથી પાલન કરવામાં આવી રહ્યું નહિં હોવાને લીધે, આ પરિપત્રના મૂળભૂત ઉદ્દેશ્ય ફળીભૂત થઈ શકે તેવા સદ્ આશયે પાલન નહિં કરનાર કંપની સંચાલકોને દંડ અને સજા કરવા સહિતનો 80% સ્થાનિક રોજગારનો કાયદો બનાવવો ખૂબ જરૂરી છે.

30. કંપનીઓને કારણે અમારા સ્થાનિક વિસ્તારોમાં પાર્કિંગની કોઇ વ્યવસ્થા નથી તથા વાહન વ્યહવારનો ટ્રાફિક વધવાને કારણે અવારનવાર અકસ્માતોમાં સ્થાનિક લોકોના જીવ ગુમાવવા પડે છે, પણ ભોગ બનનાર સ્થાનિક લોકો માટે રોજગારી નથી.



Scanned with CamScanner

**Kamlesh S. Madhiwala**
(ADVOCATE)
151- Vagra Assembly
Independent Candidate.
Vejalpur, Bambakhana, Bharuch.
Email : kamlesh1madhiwala@gmail.com

**કમલેશ એસ. મઢીવાલા**
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
MO. 99243-52696, 79901-85287

31. સ્થાનિકોને વિદેશી કંપનીએ નોકરી પરથી કાઢી નાખવાના મુદ્દે ભૂતકાળમાં અમારા વિસ્તારના MLA ને પણ કંપનીની અંદર પ્રવેશવા સુધ્ધાં દીધેલા નહોતા અને તેઓએ કંપનીના ગેટ પર ધરણા પ્રદર્શન પર બેઠવું પડ્યું હતું, એટલી હદે કંપનીઓની તાનાસાહિ વધી રહેલી છે, જેથી કરીને 80% સ્થાનિક રોજગાર કાયદો અને લેન્ડ લુઝરોની તરફેણમાં સરકાર નીતિ કે કાયદો બનાવે તે ખૂબ જરૂરી છે.

32. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના ડાયરેક્ટર ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ ડિપાર્ટમેન્ટ પ્રમાણે, સમગ્ર દેશમાં મોટી હોનારતનું જોખમ ધરાવતી કુલ ફેકટરીઓ પૈકી અડધાથી વધુ ગુજરાત એકલામાં છે, પણ ભોગ બનનાર સ્થાનિકો માટે રોજગારી નથી.

33. ગુજરાતમાં મોટી હોનારતનું જોખમ ધરાવતી મેજર એક્સિડન્ટ હેઝાર્ડ (એમએએચ) ફેકટરીઓ ધરાવતા ટોચના ત્રણ જિલ્લાઓ ભરૂચ, વડોદરા અને મોરબી છે.

અમારા વિસ્તારમાં થયેલ યશસ્વી રસાયણ દુર્ઘટના કેસમાં નામ. NGT એ પોતાના હુકમમાં કંપનીઓએ રહેણાંક વિસ્તારથી 500 મીટરનું અંતર છોડીને ઉદ્યોગો રાખવાની સૂચના આપેલી છે. પરંતુ તેનું ઉલ્લંઘન થઈ રહેલું છે અને ગામતળમાં વસ્તી ધરાવતા વિસ્તારોમાં ઉદ્યોગો ઉભા કરીને સ્થાનિક લોકોના જીવનને જોખમમાં મૂકી દેવામાં આવેલા છે અને ઇન્ડસ્ટ્રિયલ પૉલિસી અને કોર્ટના આદેશોનું ઉલ્લંઘન કર્યું છે."

'ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ ઑથોરિટી' તરફથી પૂરી પાડવામાં આવેલી વિગતો પ્રમાણે, રાસાયણિક અને ઔદ્યોગિક સંકટની ચાર કક્ષામાં સૌથી ગંભીર એવી અતિભારે જોખમી 'એએ' શ્રેણીમાં ભરૂચ અને વડોદરા આવે છે.

પણ ભોગ બનનાર સ્થાનિક લોકો માટે રોજગારી નથી.

34. ગુજરાતમાં દરવર્ષે વાયુ પ્રદુષણથી 30,000 લોકો મૃત્યુ પામે છે. ગુજરાતમાં અમદાવાદ સહિતના ઘણાં શહેરો પ્રદુષણને લીધે રહેવા લાયક રહેલા નથી. વિશ્વના 50 હાઈરિસ્ક રાજ્યોમાં



Scanned with CamScanner

**Kamlesh S. Madhiwala**
(ADVOCATE)
151- Vagra Assembly
Independent Candidate.
Vejalpur, Bambakhana, Bharuch.
Email : kamlesh1madhiwala@gmail.com

**કમલેશ એસ. મઢીવાલા**
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
MO. 99243-52696, 79901-85287

ગુજરાત સામેલ થઈ ગયું છે અને દરેકનું 5-વર્ષ સરેરાશ આયુષ્ય ઘટી ગયું છે, પણ ભોગ બનનાર સ્થાનિક લોકો માટે રોજગારી નથી.

35. ગુજરાત સરકાર દ્વારા હાલમાં જ મધ્યપ્રદેશના સરદાર સરોવર ડેમના અસરગ્રસ્ત પરિવારોને ગુજરાત રાજ્યમાં ફાળવણી કરવામાં આવેલી વસાહતોને સ્થાનિક ગામ પંચાયતોમાં ભેળવી દેવાનો તથા વસાહતોમાં રહેતા મધ્યપ્રદેશના લોકોને જે તે ગામ પંચાયતોમાં મતાધિકાર આપતો નિર્ણય લેવામાં આવ્યો, તે પણ ખરેખર સ્થાનિક લોકો માટે નુકશાનકારક નિર્ણય કરીને સ્થાનિક લોકોના સ્થાનિક રાજનૈતિક નૈતૃત્વને જોખમમાં મૂકી દીધેલ છે.

36. બીજા ઘણી સમસ્યાઓ અમારા વિસ્તારમાં ઉદ્યોગો આવવાને કારણે તથા પરપ્રાંતિયોને કારણે ઊભી થયેલી છે, તેનું નિરાકરણ "80% સ્થાનિક રોજગાર કાયદો" ની રચના કરવાથી સ્થાનિક લોકોને રાહત થઈ શકે તેમ છે.

અમારા સ્થાનિક વિસ્તારમાં કંપનીઓની આવવાને લીધે તથા અમારી સ્થાનિક લોકોની કંપનીઓમાં જમીનો ગુમાવવાને કારણે અમારા સ્થાનિક લોકો ઉપર બેરોજગારીના ઘેરા વાદળો છવાઈ ગયેલા છે અને સ્થાનિક લોકોનું જીવનધોરણ ઊંચું જવાને બદલે ખૂબ જ નીચું ગયેલું છે અને સ્થાનિક લોકો ઉપરોક્ત જણાવ્યા મુજબની ખૂબ જ મોટી મુશ્કેલીઓમાં મુકાઈ ગયેલા હોય, સ્થાનિક લોકોની રોજગારીની ગેરેન્ટી મળી રહે તેવા ઉચ્ચ આયોજનને રૂપ આપવા માટે સ્થાનિક લોકો માટે "80% સ્થાનિક રોજગાર કાયદો" ની રચના કરવી ખૂબ જરૂરી છે.

કંપનીઓ તરફથી સ્થાનિક લોકોને નોકરી, ધંધો, રોજગાર નહીં આપવાને અમારા સ્થાનિક વિસ્તારના લોકોને ગુજરાત રાજ્યના લોકો પર જે અન્યાય થઈ રહ્યો છે, તેની કાનૂની લડત લડીને ન્યાય મેળવી શકે તેવી વ્યવસ્થા સરકારે કરવી જરૂરી છે, સ્થાનિક રોજગારના કાયદાના અભાવમાં લોકોને ન્યાયથી વંચિત રહેવું પડે છે અને લોકોને અવારનવાર ઘણો મોટો અન્યાય સહન કરવું પડે છે અને સ્થાનિક લોકો અન્યાય સહન કરી રહેલા છે.



Scanned with CamScanner

**Kamlesh S. Madhiwala**
(ADVOCATE)
151- Vagra Assembly
Independent Candidate.
Vejalpur, Bambakhana, Bharuch.
Email : kamlesh1madhiwala@gmail.com

**કમલેશ એસ. મઢીવાલા**
(એડવોકેટ)
૧૫૧- વાગરા વિધાનસભા
અપક્ષ ઉમેદવાર.
વેજલપુર, બંબાખાના, ભરૂચ.
MO. 99243-52696, 79901-85287

ઉપરની તમામ હકીકતોનો વિગતવાર અભ્યાસ કરાવીને સ્થાનિક લોકોને સ્થાનિક રોજગાર થી વંચિત રાખવાને લીધે ઉભી થયેલી ભયંકર મુશ્કેલીઓમાંથી સ્થાનિક લોકોને બહાર કાઢવા માટે અને સ્થાનિક લોકોનો પણ વિકાસ થઈ શકે તેવા સદઆશય થી 80% સ્થાનિક રોજગાર નો કાયદો બનાવવાની અત્યંત આવશ્યકતા છે.

આવનારી મહામુસીબત સામું અમારા સ્થાનિક લોકો કદીપણ આંખ આડા કાન કરી શકીએ તેમ નથી.

<u>આ અરજીમાં રજુઆત કરી માંગ મૂકીએ છે.</u>

1. "80% સ્થાનિક રોજગાર કાયદો" (80% Local Employment Act)ની રચના કરવામાં આવે.
2. જ્યાં સુધી "80% સ્થાનિક રોજગાર કાયદો" (80% Local Employment Act)ની રચના કરવામાં નહીં આવે, ત્યાં સુધી ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ ક્રમકઃરગર/1095/644/2(2) સચિવાલય ગાંધીનગરના તારીખ: 31/03/1995 ના 85% સ્થાનિક રોજગારીના સરકારના પરિપત્રનું સંપૂર્ણપણે સખતાઇ થી પાલન કરવામાં આવે.
3. "80% સ્થાનિક રોજગાર કાયદો" (80% Local Employment Act) ની અમલવારી કરાવવા માટે ગુજરાત રાજ્યમાં રાજ્ય ટ્રિબ્યુનલ અને ભરૂચ જિલ્લામાં જિલ્લા ટ્રીબ્યુનલની સ્થાપના કરવામાં આવે.

કમલેશ એસ. મઢીવાલા (એડવોકેટ)
વેજલપુર, બંબાખાના, ભરૂચ-392001.
મો.નં. 99243 52696.
(151-વાગરા વિધાનસભા અપક્ષ ઉમેદવાર)



Scanned with CamScanner